આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આરતી ભટ્ટ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૨-૦૮-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## અંધશ્રધ્ધા અટકાવ વિધેયક

ગુજરાત વિધાનસભાના ચોમાસુ સત્રના ગઈકાલે પહેલા દિવસના બીજા સત્રમાં અંધશ્રદ્ધા અટકાવવા માટેનું વિધેયક સર્વાનુમતે પસાર થયું છે..

ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ આ વિધેયક વિધાનસભામાં રજૂ કર્યુ હતું. માનવ બલિદાન અને બીજી અમાનુષી, અનિષ્ટ તેમજ અઘોરી પ્રથા, કાળા જાદુ અટકાવવા રાજ્ય સરકાર આ કાયદો લાવી રહ્યું હોવાનું હર્ષ સંઘવીએ જણાવ્યુ હતું. અંધશ્રદ્ધા ફેલાવીને લોકો પાસેથી રૂપિયા ખંખેરતા તથા અમાનુષી અત્યાચાર કરનારા વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવાની આ વિધેયકમાં જોગવાઇ કરવામાં આવી છે.

**(RNU અમદાવાદ)**

------------------------------------------------------------------------

## રાજ્યમાં ખાતરની ઉપલબ્ધતા

વિધાનસભા ગૃહ ખાતે ગુજરાતમાં ખાતરની ઉપલબ્ધતા અંગે ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતા કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં યુરિયાનો પૂરતા પ્રમાણમાં જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યમાં ક્યાંય પણ ખાતરની અછત ન સર્જાય, તે માટે કેન્દ્ર સરકારને રાજ્યએ માંગણી કરતા વધુ ખાતરનો જથ્થો પૂરો પાડ્યો છે.

છેલ્લા એક વર્ષમાં કેન્દ્ર સરકાર સમક્ષ યુરિયા ડી.એ.પી અને અન્ય ખાતર મળીને કુલ ૫૯ લાખ ૮૨ હજાર મેટ્રિક ટન જથ્થાની માંગણી કરી હતી, જેની સામે

રાજ્યને લગભગ ૬૨ લાખ ૬૦ હજાર મેટ્રિક ટનનો જથ્થો ફાળવવામાં આવ્યો હોવાનો કૃષિમંત્રીએ જવાબ આપ્યો હતો.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ -ફેરફાર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાતો સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ આજે 22 ઓગષ્ટની બદલે આવતા ગુરૂવારે 29 ઓગષ્ટ યોજાશે. ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસના સત્રને અનુલક્ષીને સ્વાગત કાર્યક્રમમાં ફેરફાર કરાયો છે. નાગરિકોની ફરિયાદોના નિકાલ માટે સ્વાગત કાર્યક્રમ દર મહિનાના ચોથા ગુરૂવારે યોજાય છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## રેલ્વે ભરતી પ્રક્રિયા કેલેન્ડર

રેલ્વે ભરતી પ્રક્રિયા માટે વાર્ષિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યુ છે. જેમાં વર્ષમાં જુદા-જુદા તબક્કામાં ચાર વાર એમ્પલોયમેન્ટ નોટિફિકેશન જારી થશે.

ઉલ્લેખનીય છે કે રેલ્વે પ્રશાશને જોબ અપાવનારા રેકેટ અને દલાલો,વચેટીથી સાવધાન રહેના અને કોઈપણ પ્રકારની છેતરપીંડીથી બચવા માટે અપીલ કરી છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## કચ્છ સંગ્રહાલય- ફોટોગ્રાફી પ્રદર્શન

કચ્છ સંગ્રહાલય, ભુજ દ્વારા આઝાદીના અમૃતકાળ દરમિયાન આંતરાષ્ટ્રીય યુવા દિવસ, સ્વતંત્રતા દિવસ તથા વિશ્વ ફોટોગ્રાફી દિવસને સાંકળીને કચ્છ

સંગ્રહાલય, ભુજ દ્વારા “મારૂ કચ્છ: કલા, કલાકાર અથવાર કારીગર સાથે આખો દિવસ” વિષય પર ફોટોગ્રાફી હરીફાઈનું આયોજન કરાયુ હતું. જેમાં આવેલી એન્ટ્રીમાંથી ફોટોગ્રાફી અને વિરાસત ક્ષેત્રના  નિષ્ણાંત નિર્ણાયકોની સમિતિ દ્વારા પસંદગી બેસ્ટ ફોટોગ્રાફ્સનું પ્રદર્શન ગઈકાલે સાંજે કચ્છ સંગ્રહાલય ખાતે નાગરિકો માટે ખુલ્લુ મુકવામાં આવ્યુ હતું. જે તા 24 ઓગષ્ટ સુધી સવારે 10 થી સાંજે 6 વાગ્યા સુધી નિ:શુલ્ક જોવા મળશે. તેવુ ક્યુરેટર, કચ્છ સંગ્રહાલયની યાદીમાં જણાવાયુ છે.

**(માહિતી ખાતુ)**

------------------------------------------------------------------------------

## ખેડુત ખાતેદાર-અકસ્માત વીમા યોજના

રાજય સરકાર દ્વારા ગુજરાત સામુહિક જુથ અકસ્માત વીમા યોજના હેઠળ ખાતેદાર ખેડુતનું અકસ્માત મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં વીમા રક્ષણ આપવાની યોજના અમલી બનાવાઈ છ. આ યોજનામાં તમામ ખાતેદાર ખેડુતો તેમજ ખેડુતના કોઈપણ સંતાનનો સમાવેશ થાય છે. અકસ્માતને લીધે મૃત્યુ કે કાયમી અપંગતાના કિસ્સામાં રૂપિયા એકથી બે લાખ સુધીની રોકડ સહાય આપવામાં આવશે. આ માટે જરૂરી અરજીપત્રક તેમજ સાધનિક પ્રમાણપત્રો રજુ કરવાના  રહેશે. આ અંગે વધુ જાણકારી મેળવવા માટે ગ્રામ સેવક, વિસ્તરણ અધિકારી, તાલુકા અમલીકરણ અધિકારી,મદદનીશ ખેતી નિયામક, જિલ્લા ખેતીવાડી અધિકારીનો સંપર્ક કરવા યાદીમાં જણાવાયુ છે.

**(આરતી ભટ્ટ/NP)**

------------------------------------------------------------------------------

## ભચાઉ-ખેતીવાડી બજાર સમિતિ-વિકાસ કામો

જિલ્લાના ભચાઉ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિમાં રૂપિયા 52 લાખના ખર્ચે વિવિધ વિકાસકામોનું ખાતમુહૂત કરવામાં આવ્યુ હતુ. ગાંધીધામ અ રાપર-ભચાઉ વિધાન સભા મત વિસ્તારના બંન્ને ધારાસભ્યની રજુઆતથી  આ વિકાસ

કામોની રકમ રાજ્ય સરકાર અને સહ ભંડોળથી ભચાઉ ખેતી ઉત્પાદન બજાર સમિતીનું નવુ ગોડાઉન,મુખ્ય ગેટ બાજુની દિવાલ વગેરે જેવા વિકાસ કામો તરતમાં  શરૂ કરવામાં આવશે.

**(આરતી ભટ્ટ/NP)**

---------------------------------------------------------------------------

## યુવા ઉત્સવ-વિવિધ સ્પર્ધામાં સિધ્ધિ

રાજ્ય સરકાર દ્વારા યુવા ઉત્સવની વિવિધ સ્પર્ધાઓમાં રાષ્ટ્રીય કક્ષાએ રવાપરના ધાર બારમેડાએ કચ્છનું પ્રતિનિધિત્વ કવિતા લેખન,નિબંધ લેખન અને વાર્તાલેખન સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ સ્થાન પ્રાપ્ત કરી કચ્છનું ગૌરવ વધાર્યુ છે. આ સિધ્ધિઓ બદલ સન્માન કરવામાં આવ્યુ હતું.

**(આરતી ભટ્ટ/NP)**

---------------------------------------------------------------------------

## લો-કોલેજમાં એડમિશન શરૂ

આદિપુર અને ભુજની લો કોલેજમાં મંજુરી મળી જવાથી કોલેજમાં પ્રવેશની કામગીરી શરૂ કરાઈ છે.

**(આરતી ભટ્ટ/NP)**

---------------------------------------------------------------------------